પાન્ડોરા ની પેટી



પુનરકથન અને ચિત્રાંકન : લિલ વેઇલ

લોકો ને મુશ્કેલી કેમ પડે છે?


સૂરજ રોજ કેમ ઝગમગતો નથી?

આપણે બધા એ વિષયો પર નવાઈ પામીયે છીએ.આપણે બધાએ એવાજ સવાલો પૂછ્યા છે, અને ઘણા લોકોને કોઈ ને કોઈ જવાબ મળ્યો છે.

પ્રાચીન ગ્રીસ ના લોકો માટે આ સવાલોના જવાબ પાન્ડોરા ની વાર્તા માં છે.

ઘણા વર્ષો પૂર્વે, વાર્તા એમ કહે છે કે, બધું ખૂબજ સુખદ હતું. લોકો પાસે એ બધું હતું જેની જરૂરત માણસ ને ખુશ રહેવા માટે પડે છે. પણ લોકો આ બધી સારી વસ્તુઓ માટે દેવતાઓ નો આભાર માનવાનું ભૂલી ગયા હતા. એથી ગ્રીસ ના પૌરાણિક દેવ ઝિયસ ગુસ્સે થઈ ગયા. એણે નિર્ણય કર્યો કે એ કંઈક એવું કરશે જેનાથી લોકો ને દેવતાઓ ના આશીર્વાદ યાદ આવે. પરિણામ હતું પાન્ડોરા, જે એક સુંદર યુવતી હતી. દેવતાઓએ એને રચી અને પૃથ્વી પર મોકલી. એને એક વિશેષ પેટી આપવામાં આવી જેને ક્યારેય ખોલવાની ન હતી.

પણ આવી પેટી ને ન ખોલવાનો આત્મ-સંયમ કોણ રાખી શકે, જે દેવતાઓ ની વિશેષ ભેટ હતી? આ વાર્તા પાન્ડોરા, એની પેટી અને પેટી માં જે કંઈ હતું, એના વિષે છે, કારણકે પેટી ને ખોલવામાં આવી હતી.



પાન્ડોરા ની પેટી





પુનરકથન અને ચિત્રાંકન : લિલ વેઇલ

પાન્ડોરા ની પેટી

હું જયારે નાની હતી ત્યારે મને એ નહોતું સમજાતું કે દુષ્ટ ઘટનાઓ કેમ ઘટે છે.

બધું, બધા માટે, બહુ સારું કેમ નથી હોતું?

સૂરજ રોજ ચમકતો કેમ નથી?

શું કામ...?

પ્રાચીન ગ્રીક લોકો આ બધા વિષે નવાઈ પામતા હતા, અને ઘણી બીજી વસ્તુઓ માટે પણ. એમણે જે જવાબો શોધ્યા એ એવી દંતકથાઓ માં મળે છે, જે દેવતાઓ અને શૂરવીર નાયકો અને કયારેક-ક્યારેક સાધારણ માણસો વિષે હોય છે.



પ્રાચીન ગ્રીક ના લોકો માનતા હતા કે અનેક દેવી-દેવતા હોય છે. અને એના આચરણ-વ્યવહાર માણસો જેવાજ હોય છે, સિવાય એટલું જ કે માણસો થી ઘણા વધારે શક્તિશાળી હોય છે. એ ઘણી જાદુઈ વસ્તુઓ કરી શકતા હતા. જે દંતકથાઓ માં દેવી-દેવતાઓ નું વર્ણન કરવામાં આવ્યું છે, એ જણાવે છે કે દુનિયા એવી કેમ બની, જે અત્યારે છે. અને આવી એક દંતકથા એ, જે પાન્ડોરા નામની યુવતી ની વાર્તા છે, જેની પાસે એક રહસ્યમય પેટી છે, મારા પ્રશ્ન નો જવાબ આપ્યો.

પ્રાચીન દેવતાઓ ના જમાના માં, ગ્રીસ નો પ્રદેશ એક અદ્ભૂત જગ્યા હતી. ત્યાં ફૂલો બોલી શકતા હતા અને અને બધી બાજુ જાદુઈ પશુઓ હતા.



એ જમાનામાં લોકો ખીણ માં રહેતા હતા જ્યાં દરેક પ્રકાર ના ફળ અને ધાન અને છોડ આસાની થી ઉગતા હતા. દેવતાઓનો ઓલમ્પસ પર્વત પર, વાદળાઓ થી ઉપર, વાસ હતો. ત્યાં એના આલીશાન મહેલ હતા, જ્યાંથી એમને દુનિયા નું સુંદર દ્રશ્ય દેખાતું હતું.







પણ દેવતા હંમેશા એના મહેલ માં રહેતા નહોતા. એને નીચે ધરતી પર ઉતરી ને ઘાટી માં રહેતા લોકો ને મળવાનું પસંદ હતું. ક્યારેક એ પોતાના મૂળ સ્વરૂપ માં આવતા, તો ક્યારેક વેશ બદલી ને આવતા. લૌકો ને પાક્કી ખાતરી ન થતી કે વિચિત્ર દેખાતા જાનવર સાચે પશુ છે કે કોઈ દેવતા! ઝિયસ પણ, જે વરિષ્ઠ દેવતા હતા, કોઈ પશુ નું રૂપ ધારણ કરીને આવતા અને લોકો પર છળ કરતા!

માણસો અને દેવતાઓ માટે એ સમય બહુ સુખદ હતો. દેવતા ધરતી પર ઉતરીને જોતા કે દરેક દિવસ ઉત્સવ નો દિવસ હતો. કોઈ ને કશા પ્રકાર ની પરેશાની કે તકલીફ ન હતી. લોકો ગાતા-વગાડતા અને નાચતા રહેતા હતા.

ભોજન માટે સ્વાદિષ્ટ પકવાન હતા. લોકો ને આનંદ માણવા માટે દરેક ટેબલ પર સોમરસ અને અમૃત હતા. અને આ ત્યાં સુધી ચાલુ રહ્યું જ્યાં સુધી...





ઝિયસ નારાજ ન થયા.

વાસ્તવ માં ઘાટી માં રહેતા લોકો એ વિચારવાનું જ ભૂલી ગયા હતા કે એ કેટલા નસીબદાર હતા. એ તો એવું માની બેઠા હતા કે આ સારો સમય હંમેશા રહેશે. કોઈ એક પળ માટે પણ રોકાઈ ને દેવતાઓ ને એની મહેરબાની માટે આભાર માનવાની વાત વિચારતું ન હતું. કોઈ કૃતજ્ઞ પણ ન હતું.


ઝિયસે નિર્ણય કર્યો કે કંઈક બદલવાનો સમય આવી ગયો છે. એણે એના મહેલ ના સભાગૃહ માં બધા દેવતાઓ ને બોલાવ્યા.





એક પછી એક દેવતા આવવા લાગ્યા, અને બધા ભેગા થઈ ગયા. ઝિયસે એની વાત કહી, અને દેવતા સહમત થયા. બધાએ માન્યું કે લોકો ને પાઠ શીખવાડવો જરૂરી છે. લોકો એ સમજવું જોઈએ કે એના જીવન માં જે પણ કંઈ સારું છે, એ બધું હકીકત માં દેવતાઓ ની કૃપા ને લીધે છે. હવે સવાલ એ હતો કે આ સંદેશો માણસો સુધી કેવી રીતે મોકલી શકાય જેથી બધા ને એની ખબર પડે?

દેવતાઓ એ વિચાર કર્યો અને અંતે શું કરવું એ નક્કી કર્યું.



સૌથી પહેલા દેવી-દેવતાઓએ માટી અને પાણી માં થી એક યુવતી નું માળખું બનાવ્યું. જયારે એ તૈયાર થઈ ગયું, ત્યારે એમાં પ્રાણ ફૂંક્યા. બધા દેવી-દેવતાઓએ એને એક-એક ખાસ ભેટ આપી. પ્રેમ ની દેવી એફ્રોડાઇટે એને સૌંદર્ય આપ્યું. વેપાર ના દેવતા હરમીસે એને બોલવાની અને તર્ક કરવાની શક્તિ આપી. કળા ના દેવતા એપોલો એ એને સંગીત નો પ્રેમ આપ્યો. અને ઝિયસ ની ત્રણ પુત્રીઓ (ગ્રેસીસ) એ લાવણ્ય, આનંદ અને ઉત્સાહ આપ્યા. ઝિયસે એને જિજ્ઞાસા આપી. એ છોકરી નું નામ પાન્ડોરા રાખ્યું.



જયારે એ નવી-નવેલી યુવતી દેવતાઓ સામે આવી ને ઉભી રહી, ત્યારે ઝિયસે એને એક બહુ સુંદર સોનેરી પેટી આપી. પેટી સજ્જડ રીતે બંધ હતી, અને ઝિયસે કહ્યું કે એ પેટી એણે પોતે ક્યારેય ખોલવાની ન હતી. તેને બદલે, એ પેટી એણે એ માણસ ને આપવાની હતી જેની સાથે એ લગ્ન કરે.



હવે બધી તૈયારી થઈ ચુકી હતી. રૂપવતી અને દક્ષ પાન્ડોરા ને ઘાટી માં રહેતા લોકો પાસે ધરતી પર મોકલવામાં આવી, એની સોનેરી પેટી સાથે.

એ એટલી મોહક અને મિલનસાર હતી, કે જેને મળતી એ એને પસંદ કરવા લાગતો. ખાસ કરીને એપિમેથિયસ, જે એને પોતાની પત્ની બનાવવા એના ઘરે લઈ ગયો.






અલબત્ત પાન્ડોરા ની સોનેરી પેટી માટે એપિમેથિયસ જિજ્ઞાસુ હતો. પાન્ડોરા એ જણાવ્યું કે ઝિયસે પોતે એને એ પેટી આપી હતી, અને એ પણ કહ્યું હતું કે પેટી ખોલવાની નથી, પતિ ને આપવાની છે. પાન્ડોરાએ એ પણ જણાવ્યું કે પેટી ની અંદર શું છે એ એને ખબર નથી.

એપિમેથિયસે પેટી લઈ તો લીધી, પણ એને ખોલી નહીં. ઝિયસ કૃપાળુ હોય શકે છે, પણ બધા જાણતા હતા કે એને લોકો ને છળવાનું પસંદ હતું. શું આ પેટી પણ એની કોઈ ચાલ હતી?

એપિમેથિયસ ને સમજાયું નહીં કે એણે શું કરવું જોઈએ, એણે નિર્ણય કર્યો કે એ એના ભાઈ પાસે જશે અને એની સલાહ લેશે. એ તુરંત નીકળી પડયો. પણ નીકળતા પહેલા એણે પાન્ડોરા ને પણ પેટી ને હાથ ન લગાવવા કહ્યું; એને ખોલવાનો વિચાર પણ એના મનમાં ન લાવે.









એપિમેથિયસે ભાઈ ની સલાહ માની અને બની શકે એટલી ત્વરા થી ઘરે પાછો ફર્યો.

એપિમેથિયસ ને એના ભાઈ પાસે પહોંચતા બે દિવસ અને બે રાત લાગ્યા. પણ જયારે ભાઈએ એપિમેથિયસ ની વાત સાંભળી તો એ એનાથી પણ વધારે ડરી ગયો. એણે કહ્યું કે કોઈએ પણ પેટી ની અંદર જોવું ન જોઈએ. એની સલાહ એ હતી કે એપિમેથિયસ તુરંત ઘરે પાછો ફરે અને પેટી ને એવી જગ્યા એ છુપાવી દે જ્યાં એ કોઈ ના હાથ માં ન આવે. એટલે એ ક્યારેય ખુલશે નહીં.



એ દરમિયાન, પાન્ડોરા એના નવા ઘર ને વ્યવસ્થિત કરવામાં લાગી ગઈ. એણે સાફ-સફાઈ કરી, સમારકામ કર્યું, અને ઘર ની સજાવટ કરી. રૂમ ને વધારે સુંદર બનાવવા માટે એ બહાર થી ફૂલ લઈ આવી. એપિમેથિયસ ના પાછા ફર્યા પછી એને પીવડાવવા મીઠું મધ લાવી.

એ એપિમેથિયસ ની રાહ જોતી વારે-વારે દરવાજા સુધી જતી, પણ એપિમેથિયસ પાછો ફરતો એને દેખાતો નહીં.

ટૂંક સમય માં, એને વ્યસ્ત રાખવા માટે કંઈ રહ્યું નહીં. એની પાસે હવે સુંદર પેટી ને ઘૂરવા સિવાય કોઈ કામ ન હતું.

શું હશે ભલા એમાં?

થોડા કલાકો વીત્યા, હવે એની ધીરજ નહોતી રહેતી. એની જિજ્ઞાસા બહુ વધી ગઈ.





દેવતાઓ એ એને ઉત્તમ ભેટો આપી હતી, પાન્ડોરા એ વિચાર્યું. આ પેટી માં પણ કોઈ ઉમદા ભેટ હશે. એક નાનું ડોકિયું કરવામાં શું વાંધો છે?

એણે પેટી નું ઢાંકણું થોડું ખોલ્યું. પણ એને કંઈ દેખાયું નહીં. એણે ઢાંકણાને થોડું વધારે ખોલ્યું. અંદર થી ધીમો ગણગણાટ સંભળાયો.

હવે ઉત્સુક પાન્ડોરા એ ઢાંકણું આખું ખોલી નાખ્યું. અને એક ગીચ કાળું વાદળ બહાર નીકળ્યું.










જયારે વાદળું પાંખોવાળા ભયાનક જંતુઓ માં પરિવર્તિત થઈ ગયું, તો પાન્ડોરા ના મોઢા માં થી ચીસ નીકળી પડી, "ઓહ!" એ જંતુ એના માથા પર અને શરીર આસ-પાસ ગણગણાટ કરતા ઉડવા મંડયા. એ આખા ઘર માં ફેલાઈ ગયા અને દરવાજા ની બહાર નીકળી ગયા.

પાન્ડોરા એ ગભરાઈ ને ઢાંકણું બંધ કરી દીધું, પણ ત્યાં સુધી માં બહુ મોડું થઈ ચૂક્યું હતું. પેટી ખાલી થઈ ગઈ હતી, એના તળિયા માં એક ચમકતી વસ્તુ સિવાય. પણ પાન્ડોરા ને હવે વધારે કંઈ જોવું ન હતું. જો એ પણ કોઈ ખરાબ વસ્તુ હોય, તો એને એ અંદર જ રહેવા દેવા ચાહતી હતી. અને જો એ સારી વસ્તુ હોય, તો એ એને એપિમેથિયસ માટે બચાવીને રાખવા ચાહતી હતી.



એપિમેથિયસ જેમ બને એમ જલ્દી ઘરે પાછા ફરવાની કોશિશ કરી રહ્યો હતો. પણ એણે રસ્તા માં જે જોયું, એ એણે પહેલા ક્યારેય જોયું ન હતું. લોકો વિચિત્ર વર્તન કરી રહ્યા હતા.


એ સાથે મળી ને નાચવા-ગાવા ને બદલે લડતા-ઝગડતા હતા. ભોજન ની આપ-લે કરવાને બદલે, કોઈ પાસે જરૂરત કરતા વધારે ખાવાનું હતું, તો કોઈ પાસે બહુ ઓછું.



આખરે દુનિયા આવી રીતે બદલાઈ કેમ ગઈ હતી?

એપિમેથિયસ નો ડર વધવા લાગ્યો.

જેટલો એ ઘર પાસે પહોંચી રહ્યો હતો, એટલો વધારે ફેરફાર એને દેખાઈ રહ્યો હતો. લોકો એક-બીજા સાથે દલીલ કરી રહ્યા હતા. થોડા મારા-મારી કરી રહ્યા હતા. અને ફક્ત માણસો જ બદલાયા ન હતા. ઝાડ અને છોડ માં ફૂલ કે ફળ નહોતા ઉગતા. બધા ને પૂરું પડે એટલું અનાજ ન હતું.





ગભરાયેલો અને પરેશાન એપિમેથિયસ ઘરે પહોંચ્યો. પાન્ડોરા ઉદાસ થઈ ને અંદર બેઠી હતી. આંસુ સારતા અને ડુસકા ભરતા એણે જે કંઈ ઘટ્યું હતું એ જણાવ્યું.

એપિમેથિયસે જે સાંભળ્યું એ એને સારું ન લાગ્યું, અને એને ખબર હતી કે જે થઈ ગયું એ પૂર્વવત નહીં થાય.

"આ ઝિયસે કર્યું છે," એણે કહ્યું. "ઝિયસે આ દુષ્ટતા આચરી છે. પણ એનું કોઈ તો કારણ હશે. શક્ય છે કે આપણી પાસે ભોગવવા માટે બહુ સારી વસ્તુઓ હતી, પણ આપણે એક પળ માટે પણ થંભી ને એ ન વિચાર્યું કે એ આપણને મળી કેવી રીતે. લાગે છે કે હવે આપણે દુઃખ અને મુશ્કેલી થી ભરેલી દુનિયા માં જ જીવવું પડશે. ભૂલ તારી નથી, પાન્ડોરા, ઝિયસ એ જ ઈચ્છતા હતા."

"જો હાલત આવી જ રહેવાની છે, તો કંઈક બીજું પણ જણાવી દઉં," પાન્ડોરા એ કહ્યું. "પેટી ના તળિયે કંઈક ચમકીલું છે. કદાચ તારે એ જોઈ લેવું જોઈએ."

બંને એ સાથે પેટી ને ખોલી. ખોલતા જ એમાંથી એક સુંદર ફૂલ બહાર આવ્યું. એની પાંખડીઓ ખુલી અને એક મીઠી સુગંધ રૂમ માં ફેલાઈ ગઈ.

"આપણે માટે હજી આશા નું કિરણ છે," એપિમેથિયસે કહ્યું. "ખરાબ સાથે કંઈક સારું પણ આવ્યું છે. જરૂર ઝિયસ કહી રહ્યા છે કે ખરાબ ની સાથે સારું પણ હોય છે." એક પળ વિચારી ને એણે આગળ કહ્યું, "કદાચ આ આપણને સારા માટે વધારે કૃતજ્ઞ પણ બનાવે."





ત્યારે થી આપણી દુનિયા એવી જ બનેલી છે. ખરાબ અનુભવ આપણને એ જાણવામાં મદદ કરે છે કે સારું શું છે. કડવો સ્વાદ આપણને મીઠા નો આનંદ લેવા દે છે. ઉદાસ અંધારા દિવસો, સૂર્ય થી ઝળકતાં દિવસો આનંદમય બનાવે છે. બધી મુસીબતો માં આશા નું કિરણ હોય છે. એટલે જયારે ખરાબ ઘટના ઘટે ત્યારે આપણે સારા ની આશા કરી શકીયે. ખરાબ સમય હંમેશા રહેતો નથી.

લિલ વેઇલ નો જન્મ વિયેના, ઓસ્ટ્રિયા માં થયો હતો, જ્યાં એણે ચિત્રકામ, નૃત્ય અને સંગીત ની આવડત વિકસિત કરી. અમેરિકા આવી ને એણે 90 થી વધારે બાળ-પુસ્તકો માટે ચિત્રો બનાવ્યા, જેમાં થી અડધા થી વધારે વાર્તાઓ પોતે લખી.

પાછલા વીસ થી વધારે વર્ષો થી એ દરેક મોસમ માં એ લિટલ ઓર્કેસ્ટ્રા સોસાયટી સાથે બાળકો અને કિશોરો માટે ગીત-કથાઓ ના પ્રદર્શન કરતી રહી છે. એમાં પ્રોકોફિયેવ ની સિન્ડ્રેલા, સ્ટ્રાવિન્સ્કી ની પેટ્રુશ્કા અને મેન્ડેલશોન ની મીડ સમર્સ નાઈટ્સ ડ્રિમ સામેલ છે. એ અનેક પ્રમુખ વાદ્યવૃંદો સાથે રાષ્ટ્રીય ટેલિવિઝન અને ફિલ્મો માં આવી ચુકી છે. એના અત્યાર ના થોડા પુસ્તકો છે - ગિલ્લી એન્ડ ધ ફ્લેટરિંગ ફોક્સ, ધ સ્ટોરી ઓફ ધ વાઈઝમેન એન્ડ ધ ચાઈલ્ડ, અને આઈ, ક્રિસ્ટોફર કોલમબસ, અવર વર્લ્ડ તો યુ વિથ લવ, ટુ સેઇલ એ શિપ ઓફ ટ્રેઝર્સ, અને ધ હાઉસીસ વિ બિલ્ડ.